**જળસંચયના હેતુસર તળાવો/જળાશયો ઉંડા કરવાથી નિકળતા સાદી માટી/ મોરમ ખનિજના ઉપયોગ માટે ક્વોરી પરમીટ અને રોયલ્ટીમાંથી મુક્તિ બાબત**

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જીએમઆર/૧૦૨૦૧૮/૭૪૯/છ.
સચિવાલય, ગાંધીનગર
તા. ૨/૫/૨૦૧૮

**વંચાણ:** (૧)નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક એમઆઇએલ/જળસંગ્રહ /૫૮૯/૨૦૧૮, તા.૧૭/૦૪/૨૦૧૮

(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ફાઇલ ક્રમાંક એસ/૨૦૦૮/૯૨૦(૨)/પાર્ટ-૮/ક-૩ની નોંધ.

**આમુખ:**

ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ના પ્રકરણ ૫- નિયમ ૨૪ થી ૨૮ માં દર્શાવ્યા સિવાયના અન્ય કોઇ કિસ્સામાં ક્વોરી પરમીટ લેવામાંથી કે રોયલ્ટી ભરપાઇ કરવામાંથી મુક્તિ મળતી નથી પરંતુ, જળસંચયના હેતુસર નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સંદર્ભ-(૧) દર્શીત ઠરાવમાં જણાવ્યાનુસાર "જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સબંધિત વિભાગો દ્વારા વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. જે પૈકી તળાવો ઉંડા ઉતારવા અંગે ખૂબ મોટાપાયે કામગીરી હાથ ધરવામાં આવે છે, તે મુજબ જળસંચયનો વ્યાપ વધે તે પ્રકારના કામો ચોમાસા પહેલા મે- માસમાં, લોકભાગીદારીથી હાથ ધરવા માટે તા.૧૧.૦૪.૨૦૧૮ ના રોજ કેબીનેટ બેઠકમાં "સુજલામ સુફલામ જળ અભિયાન" શરૂ કરવા માટે મહત્વનો નિર્ણય થયેલ હોઇ તે ધ્યાને લઇ તે અંગે કાર્યપધ્ધતિ નિશ્ચિત કરેલ છે.

**<u>ઠરાવ</u>**

ઉક્ત વિગતે રાજ્ય સરકારશ્રીના જળસંચય અભિયાન અંતર્ગત તળાવની પાણી સમાવેશ/સંગ્રહ ની ક્ષમતા વધારો થાય, ગ્રામજનોની જરૂરિયાત અને ગામના ખેડૂતોની જમીન સુધારણા માટે મદદરૂપ થાય તેમજ ગ્રામ પંચાયતના અને સરકારશ્રીના વિકાસલક્ષી અને જળસંચયલક્ષી કામોમાં મદદરૂપ થવા ખોદાણમાંથી મળતી માટી આસપાસમાં પ્રગતિ હેઠળના સરકારી કામોમાં કે ખેડુતોના ખેતરમાં કે જાહેર સ્થળોએ વપરાશ કરવાના હેતુંસર નીચે મુજબના કિસ્સાઓ અને શરતોને આધિન ક્વોરી પરમીટમાંથી અને રોયલ્ટી ભરપાઇ કરવામાંથી મુક્તિ આપવા આથી ઠરાવવામાં આવે છે.

1. આ ઠરાવની અમલવારી તા.૦૧.૦૫.૨૦૧૮ થી તા.૩૧.૦૫.૨૦૧૮ સુધી રહેશે.

2. ગ્રામ પંચાયત દ્વારા/ સિંચાઇ વિભાગ દ્વારા તેઓ હસ્તકના તળાવ/જળાશય ઉંડા કરવા સાદી માટી/કાંપ/સોફ્ટ મોરમ ખોદકામ માટે આપવામાં આવતી મંજૂરીઓને ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઇઓ લાગુ પડશે નહીં.
3. તળાવો/જળાશયો ઉંડા કરવાથી મળેલ/ઉત્ખનન થયેલ સાદી માટી/સોફ્ટ મોરમ/કાંપ તળાવની પાળ બનાવવા, ગામના લોકો દ્વારા ગામતળના ઉપયોગમાં કે ખેડૂતો દ્વારા ખેતરમાં લઇ જવામાં આવે તેમજ કેન્દ્ર અથવા રાજ્ય સરકારના જાહેર વિકાસના કામે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે ક્વોરી પરમીટ/રોયલ્ટી મુક્તિને પાત્ર થશે.
4. તળાવ/જળાશય જે ખાતા/વિભાગ/કચેરી/વ્યક્તિ હસ્તકના હોય તેની મંજુરી/સંમતિ લીધા બાદ જ આવું તળાવો ઉંડા કરવાની કામગીરી કરવાની રહેશે તેમજ તળાવ/જળાશય/તલાવડી વગેરેના પાળા/બાંધકામ/સ્ટ્રક્ચરને નુકશાન ન થાય અને પાણી સંગ્રહ/સમાવેશ ક્ષમતા મહતમ થાય તે રીતે વૈજ્ઞાનિક ઢબે ખોદકામ કરવાનું રહેશે.
5. ખોદકામ દરમિયાન જો સાદી માટી/કાંપ/મોરમ સિવાય અન્ય ખનિજ મળી આવશે તો જિલ્લા ભુસ્તરશાસ્ત્રીને જાણ કરવાની રહેશે અને આવા ખનિજોને ખસેડવાના રહેશે નહીં તથા આવા ખનિજોનું ખનન, વહન કે સંગ્રહ બિનઅધિકૃત ગણાશે.
6. તળાવો/જળાશયો ઉંડા કરવાથી મળેલ/ઉત્ખનન થયેલ સાદી માટી/સોફ્ટ મોરમ/કાંપ નું વેંચાણ/ટ્રેડીંગ કરી શકાશે નહીં અને માત્ર અંતિમ વપરાશ જ કરવાનો રહેશે.
7. આ રોયલ્ટી મુક્તિનો ઉદ્દેશ માત્ર જળસંચય ક્ષમતા વધારવાનો, ગ્રામજનોની જરૂરિયાત અને ગામના ખેડૂતોની જમીન સુધારણા માટે મદદરૂપ થવા તેમજ ગ્રામ પંચાયતના અને સરકારશ્રીના વિકાસલક્ષી અને જળસંચયલક્ષી કામોમાં મદદરૂપ થવાનો છે.

ઉપરોક્ત બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ફાઇલ ક્રમાંક એસ/૨૦૦૮/૯૨૦(૨)/પાર્ટ-૮/ક-૩ની નોંધ પર નાણા વિભાગની તારીખ ૩૦/૦૪/૨૦૧૮ના રોજ અનુમતી મેળવેલ છે. આ અંગે સમાન ક્રમાંકની આ વિભાગની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૩૦/૦૪/૨૦૧૮ની નોધથી અનુમોદન મળેલ છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.જી.ચૌધરી)
નાયબ સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ,

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ/મહેસૂલ વિભાગ/નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ભુસ્તરવિજ્ઞાન અને ખનિજની કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
  (સર્વે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.)
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- એ.જી.કચેરી, અમદાવાદ/રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઇલ